**કમિશનર શાળાઓની કચેરી**
**બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, પુનીત વનની સામે, સેક્ટર-૧૯, ગાંધીનગર**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ

વિષય: ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સિટી આયોજિત "ઓલ ઈન્ડિયા ઓપન FIDE રેટેડ રેપિડ અંડર -૧૮ ચેસ ટુર્નામેન્ટ -૨૦૨૬" વિદ્યાર્થીઓના સહભાગીતા માટે પરિપત્ર કરવા બાબત

સંદર્ભ: ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: CRU/Bal Bhavan/2026/79, તા. ૦૫/૦૩/૨૦૨૬

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સિટી ભારતના યશસ્વી વડાપ્રધાન, શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્થાપિત સ્ટેટ યુનિવર્સિટી છે. યુનિવર્સિટીનું મુખ્ય ધ્યેય રમતગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ થાય તે હેતુથી અને ચેસ જેવી બૌદ્ધિક રમતમાં ગુજરાતના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરનું ઉત્તમ પ્લેટફોર્મ મળે તે હેતુથી એક મહત્વપૂર્ણ ટુર્નામેન્ટનું આયોજન ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સિટી અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) ના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટની મુખ્ય વિગતો નીચે મુજબ છે.

- લાયકાત (વયમર્યાદા) : અંડર-૧૮ (જે વિદ્યાર્થીઓનો જન્મ ૦૧ જાન્યુઆરી, ૨૦૦૮ ના રોજ અથવા તે પછી થયો હોય તેવા તમામ વિદ્યાર્થીઓ)
- ટુર્નામેન્ટની તારીખ: ૨૫ માર્ચ, ૨૦૨૬ (શનિવાર)
- સ્થળ: વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, નારણપુરા, અમદાવાદ, ગુજરાત
- એન્ટ્રી ફી : માત્ર રૂ. ૨૦૦/-
- રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ: ૨૦ માર્ચ, ૨૦૨૬ (સાંજે ૦૫:૦૦ કલાક સુધી - પ્રવેશ 'વહેલા તે પહેલાના ધોરણે' આપવામાં આવશે.)
- કુલ ઈનામી રકમ: રૂ. ૪,૦૦,૦૦૦/- (૧૩૩થી વધુ રોકડ પુરસ્કારો અને શ્રેષ્ઠ ૫-ને પ્રિમીયમ ટ્રોફી)
- વિશેષ આકર્ષણ: ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને આંતરરાષ્ટ્રીય ચેસ કિટ ભેટમાં આપવામાં આવશે.

આમ, ઉક્ત બાબતે ગુજરાતની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ચેસની રમતમાં રસ ધરાવતા વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આપની કક્ષાએથી જાણ કરવા જણાવવામાં આવે છે.

**નોંધ પર મળેલ સંયુક્ત નિયામકશ્રી(માધ્યમિક)ના આદેશાનુસાર.**

**(E-Sign)**
નાયબ શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

*Signature Not Verified*
*Signed by: Jayeshbhai Mohanbhai Patel*
*Deputy Director*
*Date: 2026.03.20 10:48:27 +5:30*

જા. નં. ૫૪૧૮
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા: ૨૫/૩/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, અનુદાનિત, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ. સુરત

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ. સુરત

બિડાણ: ઉક્ત પરિપત્રની નકલ